સોમવારની કોલમ : કેળવણીના કિનારે

-ડૉ.અશોક પટેલ

# IELTS પરીક્ષાની અવિશ્વસનીય મૂલ્યાંકન પદ્ધતિ

સૌ IELTS પ્રથમનો સામાન્ય પરિચય મેળવી લઇએ. IELTS એટલે International English Language Testing System . જે અંગ્રેજીના ચાર કૌશલ્ય શ્રવણ, કથન, વાંચન અને લેખનમાં પ્રત્યાયન ક્ષમતાનું માપન કરે છે. ૧૯૮૯ થી શરૂ કરવામાં આવેલી આ પરીક્ષામાં ત્રણ પાર્ટનર છે. આ ત્રણ પાર્ષનર એટલે બ્રીટીશ કાઉન્સિલ, IDP:IELTS ઓસ્ટ્રેલિયા અને યુનિવર્સિટી ઑફ કેમ્બ્રીજ. અંગ્રેજી ભાષામાં પ્રત્યાયનક્ષમતાની ચકાસણી કરતી આ પરીક્ષા આજે દુનિયાના ૧૨૦ દેશમાં લેવામાં આવે છે. ૫૦૦૦ થી પણ વધુ શૈક્ષણિક સંસ્થાઓ, ગવર્નમેન્ટ એજન્સીઝ અને વ્યાવસાયકિ સંગઠનોએ આ પરીક્ષાને માન્યતા આપેલી છે. જેથી જે તે સંસ્થા કે સંગઠન સાથે જોડાતાં પૂર્વે આ પરીક્ષા ચોક્કસ બેન્ડ સાથે પાસ કરવી ફરજિયાત બને છે. અત્યારે લગભગ ૮,૬૦,૦૦૦ થી પણ વધુ લોકો દર વર્ષે આ પરીક્ષા આપે છે.

જે દેશમાં પ્રત્યાયનની ભાષા અંગ્રેજી છે, તે દેશમાં અભ્યાસ કરવા માટે અથવા તો નોકરીધંધો કરવા ઇચ્છતા વ્યક્તિએ આ પરીક્ષામાંથી પસાર થવું પડે છે. માત્ર પરીક્ષા જ આપવાની એવું નથી, પણ જે હેતુ માટે પરદેશ જતા હોવ તે હેતુને લક્ષમાં રાખીને જે તે દેશે નક્કી કરેલ પરિણામ લાવવાનું હોય છે. આ પરીક્ષાનું પરિણામ ચોક્કસ માર્કસ્‌માં આપવામાં આવતું નથી; પણ કુલ ૧૦ બેન્ડમાંથી ચોક્કસ બેન્ડ લાવવાના હોય છે. આ પરીક્ષા શૈક્ષણિક અને સામાન્ય એમ બે હેતુ સાથે અલગ ાલગ લેવામાં આવે છે. એટલે કે જે વ્કિતને અભ્યાસ કરવા પરદેશમાં જવું હોય તેને શૈક્ષણિક અને જેને નોકરીધંધા માટે જવું હોય તેને સામાન્ય પરીક્ષા આપવાની હોય છે.

૨૦૦૬ ના એક રિપોર્ટ મુજબ આ પરીક્ષા મુખ્ય ચાર બાબતોને લઇને વધુ ખ્યાતિ ધરાવતી થઇ છે. જે ચાર બાબતો છે :- વિશ્વાસપાત્ર, વિશ્વવ્યાપક, પ્રમાણભૂતતા અને સાવચેતી. અમછતાં કેટલાંક અનુભવોને આધારે એક બાબત મનમાંથી નથી ખસતી અને તે બાબત છે આ પરીક્ષાના પરિણામ અંગેની.

સામાન્ય રીતે ભાષા વિકાસ એકાદ અઠવાડિયામાં કે મહિનામાં નથી થતો. ભાષા વિકાસ માટે માત્ર જ્ઞાન હોવું જરૂરી નથી, પણ પૂરતાં અનુભવો હોય તો જ પ્રત્યાયન માટેની ક્ષમતા કેળવી શકાય. ાપણે સૌ જાણીએ છીએ કે, ભાષાવિકાસ પર કેટલાંક પરિબળો અસર કરે છે. જે પરિબળો છે વ્યક્તિની શક્તિ, વાતાવરણ, ઘર, સમાજ, મિત્રમંડળ, શાળા-કોલેજ, પ્રસાર માધ્યમો વગેરે. ટૂંકમાં આ બધાં પરિબળો કે તેમાંથી કેટલાંક પરિબળને કારણે વ્યક્તિ ભાષા શીખે છે અથવા તો તેની ભાષામાં પરિવર્તન આવે છે. આ પરિવર્તન રાતોરાત આવતું નથી.

ભાષા વિકાસ પર અસર કરતાં પરિબળો વિશેની ઉપરોક્ત બાબતો ધ્યાને લેતાં એવું ચોક્કસ પણે માની શકાય કે IELTS નું પરિણામ પૂરતી ગુણવત્તા ધરાવતું નથી. બીજી રીતે કહીએ તો ભાષાના જે ચાર કૌશલ્યની પ્રત્યાયનક્ષમતા ચકાસવાનું કામ આ પરીક્ષા કરે છે તેમાં યોગ્ય અને પૂરતી ચકાસણી થતી નથી. આમ કહેવા પાછળનું કારણ એ છે કે, કોઇ વ્યક્તિ આજે IELTS ની પરીક્ષા આપે છે અને પંદર દિવસ પછી પણ પરીક્ષા આપે તો પણ તેના પરિણામ જુદાજુદા આવે છે. આ રીતે જોતાં જે તે વ્યકિતમાં પંદર દિવસમાં અંગ્રેજીભાષાની પ્રત્યાયન ક્ષમતામાં પરિવર્તન આવી જાય છે તેમ કહેવાય. હકીકતમાં કોઇપણ ભાષામાં પ્રત્યાયનક્ષમતા આટલા ટૂંકાગાળામાં ક્યારેય બદલાય નહીં. એક જ વ્યકિંત બે માસમાં ચાર વાર પરીક્ષા આપે તો પણ દરેક વખતે જુદાજુદા પરિણામ આવવાની શક્યતા છે. શક્યતા જ નહીં આવું અનેક વ્યક્તિ સાથે બન્યું પણ છે. જે બાબત સાબિત કરે છે કે IELTS પરીક્ષાના પરિણામ પૂરતી ગુણવત્તા યુક્ત નથી.

હા... આ પરીક્ષા જે રીતે લેવાય છે, જે વાતાવરણમાં લેવાય છે તે વખાણવાલાયક બાબત છે. દુનિયાભરમાં લેવાતી આ પરીક્ષા માટેના હજારોની સંખ્યામાં કેન્દ્રો છે. આમછતાં ક્યારેય પેપર ફૂટીગયું હોય તેવું સાંભળ્યું નથી. બીજી એક બાબત જે ભાષાવિકાસ અને મનોવિજ્ઞાન સાથે બંધ બેસતી આવે છે તે બાબત છે કે આ પરીક્ષાનું પરિણામ બે વર્ષ સુધી માન્ય રહે છે. એટલે કે બે વર્ષમાં વ્યક્તિની ભાષામાં નકારાત્મક પરિવર્તન આવી શકે. તો એ રીતે જોતાં હકારાત્મક પૂરતાં પરિવર્તન માટે પણ બે વર્ષ જેટલો સમય લાગે. આ બંને બાબતો એ સિદ્ધ કરે છે કે એક-બે માસમાં કોઈ વ્યકિંત પરીક્ષા આપે તો તેની ક્ષમતામાં કોઇ મોટું પરિવર્તન આવે નહીં. આમછતાં જોવા અને જાણવા મળે છે કે એકબે માસમાં એકથી વધુવાર આપેલી પરીક્ષાના પરીણામ જુદાજુદા આવે છે. જે સાબિત કરે છે કે પરિણામ પૂરતી ગુણવત્તાયુક્ત નથી. પરીક્ષા આપનાર વ્યકિંતને ગેરફાયદો કરતો બીજો એક નિયમ એ પણ છે કે, છેલ્લી પરિક્ષાનું જ પરિણામ માન્ય ગણાય ચે. એટલે કે કોઇ વ્યકિંતએ આ પરીક્ષામાં ૭ બેન્ડ મેળવ્યા ચે, એક માસ પછી તેને ૬ બેન્ડ આવે તો તેના પરિણામનો ઉપયોગ કરતી વખતે ૬ બેન્ડને જ ધ્યાનમાં લેવામાં આવે છે. ખરેખર તો જ્યાં સુધી સો ટકા ગુણવત્તાયુક્ત પદ્ધતિ ન શોધાય કે ઉપયોગમાં ન લેવાય ત્યાં સુધી કઇ પરીક્ષાનું પરિણામ ધ્યાનમાં લેવું તે જે તે વ્યકિંતના નિર્ણય પર છોડી દેવું જોઇએ. આ માટે જે તે વ્યક્તિએ બે વર્ષમાં આપેલી પરીક્ષાના કોઇપણ પરિણામને માન્ય રાખવું જોઇએ. આ ઉપરાંત કોઇ વ્યક્તિને કોઇ ચોક્કસ કૌશલ્યના પરિણામથી અસંતોષ હોય તો જે તે કૌશલ્યની જ ફરીથી પરીક્ષા લેવાવી જોઇએ. હા... ।। માટે વ્યવસ્થાના ભાગરૂપે ચોક્કસ ફી રાખી શકાય. આ પરીક્ષા માટે અગાઉ જ્યારે નિયમો ઘડાયા હશે ત્યારે કદાચ યોગ્ય હશે તેમ માની લઇએ તો પણ આજના સમયે અને સંદર્ભે યોગ્ય નથી. લેખકના આ વિચાર સાથે સહમત થનાર દરેક વ્યકિંતએ આ પરીક્ષા લેતા કેન્દ્ર સામે વાત રજૂ કરવી જોઇએ. આમ કરતાં આપણા અનેક ભાઇબહેનો અન્યાયથી બચશે અને સાથે તેમને માનસિક અને આર્થિક રાહત પણ રહેશે.